૨(અ)

૨(અ)

સુરત મહાનગર સેવાસદનની નગર નિયોજન સમિતિની તા.૬–૧૦–૦૭ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

:::::::::::

મ્યુ.કમિશનરશ્રીના તા.૫–૧૦–૦૭ ના પત્ર નં.સી.મી.સ./૮/૩૦ થી વિદિત થઈ, સુરત મહાનગર સેવાસદનની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૬૩(વડોદ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં.૬૩(વડોદ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ –૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિક પત્રોમાં એક–એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીના રાજ્ય પત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને માટે અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૪૨/૨૦૦૭ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગર સેવાસદન,
તા. ૮–૧૦–૦૭.

ઠરાવ રજીસ્ટર ... ૭/૦૮ ... નં. ૩૨.... પર અનુક્રમ ... ૨૫ ..... નોંધ કરી

નોંધણી કારકુન
તા. ૧૯/૧૦/૦૭